सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખ :– | ૦૯.૦૧.૨૦૧૯ | | |
| દાખલ તારીખ:– | ૦૯.૦૧.૨૦૧૯ | | |
| જજમેન્ટ તારીખ:– | ૦૯.૦૩.૨૦૨૬ | | |
| અવધિ:– | વર્ષ | માસ | દિન |
| | ૦૭ | ૦૨ | ૦૦ |
| આંક:– | ૪૮ | | |

**નામદાર સુપ્રિમ કોર્ટના *SUO MOTO WRIT(CRL) NO.(S) 1/2017* તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર *VI* ના *179-A* અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧ –૯૩, તારીખ : ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

***FORM-A***

---

**આહવાના જ્યુડીશીયલ મેજી. ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં, મુ.આહવા**

---

**શ્રી વાય.પી.યાદવ, જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ., આહવા.**

**(ચુકાદા તારીખ : ૦૯.૦૩.૨૦૨૬)**

**ક્રીમીનલ કેસ નં. ૧૫૮/૨૦૧૯**

| **એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન.** | |
|---|---|
| પોલીસ સ્ટેશન : | સાપુતારા પોલીસ સ્ટેશન |
| ગુનો : | ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ |
| તહોમતનામા મુજબ તહોમત : | ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ |
| ફરિયાદી: | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી : | શ્રી એસ. એચ. કોકણી |
| આરોપી/આરોપીઓ : | ૧. જાહીદભાઈ અલ્લુભાઈ નારેજા<br>ઉ.વ. ૪૨, ધંધો. ડ્રાઈવીંગ,<br>રહે. ચોટીલા બસ સ્ટેશનની પાછળ,<br>તા. ચોટીલા, જી. સુરેન્દ્રનગર |

| | |
|---|---|
| આરોપી તરફે વિ.વ.શ્રી: | એ. એચ. બાગવાન |

## ***FORM-B***

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ : | ૨૪.૦૪.૨૦૧૮ |
| ફરિયાદની તારીખ : | ૨૬.૦૪.૨૦૧૮ |
| ચાર્જશીટની તારીખ : | ૦૯.૦૧.૨૦૧૯ |
| તહોમત ફરમાવ્યા તારીખ : | ૦૨.૦૮.૨૦૧૯ |
| પુરાવો શરૂ કર્યા તારીખ : | ૧૬.૦૯.૨૦૧૯ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ : | ૨૩.૦૨.૨૦૨૬ |
| ચુકાદા તારીખ : | ૦૯.૦૩.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવેલ છે. |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર ? | શું સજા કરી ? | ક્રિ.પ્રો.કો. કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જાહીદભાઈ અલ્લુભાઈ નારેજા | ૦૯.૦૫. ૨૦૧૮ | ૦૯.૦૫. ૨૦૧૮ | ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ ની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મૂકતો હુકમ કરવામાં આવેલ છે. | – | – |

## ***FORM-C***

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફે

### ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવા :

| અ.નં. | વિગત | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | વિનુભાઈ રામજીભાઈ લિંબડીયાની જુબાની | પંચ સાહેદ | ૦૮ |
| ૨ | દડુભાઈ લખુભાઈ માજરીયાની જુબાની | સાહેદ | ૧૫ |
| ૩ | ડૉ. જીનલબેન જીતેન્દ્રભાઈ પટેલની જુબાની | તબીબી સાહેદ | ૨૧ |
| ૪ | શંકરભાઈ બન્યાભાઈની જુબાની | પી.એસ.ઓ. | ૩૪ |
| ૫ | પી.એચ. મકવાણાની જુબાની | તપાસ અધિકારી | ૩૭ |

### (બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

### (સી) કોર્ટ સાહેદ જો હોય તો,

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

### ફરિયાદ પક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ (અસલ) | ૦૯ |
| ૨ | અટક પંચનામુ (અસલ) | ૧૦ |
| ૩ | જેન્તીભાઈ ઠાકોરના હાથનો એક્ષ–રે | ૨૨ |
| ૪ | જેન્તીભાઈ ઠાકોરના પગનો એક્ષ–રે | ૨૩ |
| ૫ | જેન્તીભાઈ ઠાકોરનુ એમ.એલ.સી. સર્ટીફિકેટ | ૨૪ |
| ૬ | ફરીયાદ | ૩૫ |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**મુદ્દામાલની વિગત**

| અ.નં. | વિગત |
|---|---|
| – | – |

**–: JUDGEMENT :–**

૧. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૨૪–૪–૨૦૧૮ ના કલાક ૧૩:૦૦ વાગ્યે પોતાના હવાલાની ટ્રક ગાડી નં. GJ-03-AT-3786 ની સાપુતારા થી માલેગામ તરફ જતા રોડ ઉપર માલેગામ પાસે આવેલ ફોરેસ્ટ રેસ્ટ હાઉસના વળાંકમાં પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી ગાડીને રોડની સાઈડમાં લોખંડની ચેનલ તેમજ સાઈડના ઝાડ સાથે અથડાવી દઈ ગાડીને પલ્ટી ખવડાવી ગાડીમાં બેસેલ કલીનરને શરીરે ઈજાઓ કરી તેમજ જમણા પગે ફ્રેકચર કરી ગુનો કરેલ. આ બાબતની ફરિયાદીએ સાપુતારા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર ૧૦/૨૦૧૮ થી આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે આ કામના આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ શિક્ષાને પાત્ર ગુનાનું આંક–૦૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

૨. પોલીસ અહેવાલ રજુ થતાં, ફોજદારી કાર્યરીતી સંહીતા કલમ–૧૯૦(૧)(ખ) આધારે આરોપી વિરૂઘ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઈ, કલમ–૨૦૪ અન્વયે સમન્સ કરતાં, આરોપી હાજર થતાં, કલમ–૨૦૭ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, સદર આરોપીની ગુના અંગે કલમ–૨૫૧ મુજબની વિગતવારની પ્લી આંક–૦૫ થી લેવામાં આવેલી, જે વાંચી સંભળાવતા સમજાવતા ગુન્હા અંગે પુછવામાં આવતાં ઈન્કાર કરતાં, કલમ–૨૫૪ મુજબ ફરિયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩. સદર કામે ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક પુરાવાના આધારે આરોપીનું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાને નકારી કાઢી બચાવના સાક્ષી તપાસેલા નથી કે જાતે સોગંદ પર પુરાવો આપેલ નથી અને વિશેષમાં જણાવેલ છે કે અમે આવો કોઈ કહેવાતો ગુનો કરેલ નથી. અમો નિર્દોષ હોય નિર્દોષ જાહેર કરશોજી.

૪. ત્યારબાદ પક્ષકારોની દલીલ સાંભળી. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા આ કામના આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રીનાએ આ કામના આરોપી સામે ગુનો પુરવાર થતો ન હોય નિર્દોષ છોડી મુકવા અરજ ગુજારેલ છે.

૫. સદર કામે ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા, ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ઘ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

**મુદ્દા નં.૧.** શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૨૪–૪–૨૦૧૮ ના કલાક ૧૩:૦૦ વાગ્યે પોતાના હવાલાની ટ્રક ગાડી નં. GJ-03-AT-3786 ની સાપુતારા થી માલેગામ તરફ જતા રોડ ઉપર માલેગામ પાસે આવેલ ફોરેસ્ટ રેસ્ટ હાઉસના વળાંકમાં પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી ગાડીને રોડની સાઈડમાં લોખંડની ચેનલ તેમજ સાઈડના ઝાડ સાથે અથડાવી દઈ ગાડીને પલ્ટી ખવડાવી ગાડીમાં બેસેલ કલીનરને શરીરે ઈજાઓ કરી તેમજ જમણા પગે ફ્રેકચર કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**મુદ્દા નં.૨.** શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો તેમજ તેના કારણો નીચે મુજબ છે.

**<u>–: ન્યાયિક નિર્ણયો :–</u>**

**મુદ્દા નં.**૧ નકારમાં,

**મુદ્દા નં.૨** આખરી હુકમ મુજબ.

**–::<u> કા ર ણો </u>::–**

**<u>મુદ્દા નં. ૧ </u>::–**

**૭.** આ કામે વર્તમાન આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાય શાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદ પક્ષ આરોપી

સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી નિશંક પણે પુરવાર કરવાના રહે છે. આમ,આ કામે આરોપી સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનો આક્ષેપ છે, ત્યારે ફરિયાદ પક્ષે ઉપરોકત ગુનાના આવશ્યક તત્વો રેકર્ડ પરથી નિશંકપણે સાબિત કરવાના રહે છે, જે નીચે મુજબ છે.

**Essential To Bring the Case Under Section 279 of Indian Penal Code :**

1) Driving or riding in a public way

2) Such driving or riding must be rash or negligent to the point of endangering human life or causing harm or injury to self and to others.

**Essential To Bring the Case Under Section 337 of Indian Penal Code :**

1) The accused must have done an act.
2) The act must have caused hurt to any person.
3) The act must be done in a rash and negligent manner; and
4) The rashness or negligence must be to the extent of endangering human life or personal safety of others.

**Essential To Bring the Case Under Section 338 of Indian Penal Code :**

1) The accused did an act rashly and negligently;

2) That act endangered human life or the personal safety of others; and

3) Such act caused grievous act;

**Essential To Bring the Case Under Section 177 of The Motor Vehicle Act :**

General provision for punishment of offences –

Section 177 : Whoever contravenes any provision of this Act or of any rule, regulation or notification made thereunder shall, if no penalty is provided for

the offence be punishable for the first offence with fine which may extend to five hundred rupees, and for any second or subsequent offence with fine which may extend to one thousand and five hundred rupees.

**Essential To Bring the Case Under Section 184 of The Motor Vehicle Act, 1988:**

Driving dangerously.

Whoever, drives a motor vehicle at a speed or in a manner which is dangerous to the public or which causes a sense of alarm or distress to the occupants of the vehicle,other road users, and persons near roads, having regard to all the circumstances of case including the nature, condition and use of the place where the vehicle is driven and the amount of traffic which actually is at the time or which might reasonably be expected to be in the place, shall be punishable for the first offence with imprisonment for a term which may extend to one year but shall not be less than six months or with fine which shall not be less than one thousand rupees but may extend to five thousand rupees, or with both, and for any second or subsequent offence if committed within three years of the commission of a previous similar offence with imprisonment for a term which may extend to two years, or with fine of ten thousand rupees, or with both.

*Explanation.*- For the purpose of this section,-

(a) jumping a red light;

(b) violating a stop sign;

(c) use of handheld communications devices while driving;

(d) passing or overtaking other vehicles in a manner contrary to law;

(e) driving against the authorised flow of traffic; or

(f) driving in any manner that falls far below what would be expected of a competent and careful driver and where it would be obvious to a competent and careful driver that driving in that manner would be dangerous, shall amount to driving in such manner which is dangerous to the public.

## -:<u>ફરિયાદપક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન</u>:-

૮. આ કામના આરોપી સામેનું તહોમત જોવામાં આવે તો ભારતીય દંડ સંહિતાની કલમ -૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ શિક્ષાપાત્ર ગુન્હાનું તહોમત છે. ફરિયાદ પક્ષે તરફે રજુ કરેલા પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલા ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯ વંચાણે લેતા તેમાં જોગવાઈ કરેલ છે કે ''કોઈપણ વ્યકિત, બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાની થવા સંભવ હોય તેમ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક સરીયામ રસ્તા પર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ માસ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયાનો દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.'' આ કલમ વાહન હંકારવા વિશે તથા સવારી કરવા અંગે છે. પ્રથમ બાબત જાહેર સ્થળ છે. કોઈ ખાનગી સ્થળ હોય ત્યારે આ કલમ લાગુ પડશે નહી. આ કલમ માટે એ આવશ્યક નથી કે ઈજા થવી જ જોઈએ માત્ર ભય ઉભો થાય તો પણ આ કલમ હેઠળ તેવું કૃત્ય ગુન્હો ગણાય. બેફામપણે અથવા બેદરકારીપૂર્વક એ બંને શબ્દોની વ્યાખ્યા ભારતીય દંડ સંહિતાની કલમમાં કરવામાં આવી નથી. બેફામપણે અથવા બેદરકારીપૂર્વક બંને શબ્દોમાં મળતાપણું છે છતાં એક તાત્વિક ભેદ પણ બંને શબ્દોમાં છે. બેદરકારી પૂર્વક એટલે કે એક સામાન્ય વ્યકિત પાસે જે અપેક્ષા રાખવામાં આવે તે રીતે વર્તવાનું તેવી વ્યકિત ચુકી જાય તે કૃત્ય બેદરકારીપૂર્ણ ગણાય જયારે બેફામપણે એટલે કે જયારે એક સામાન્ય વ્યકિત પાસે વર્તન જેની અપેક્ષા રાખવામાં આવે છે તેથી વિશેષ વર્તે ત્યારે તે બેફામપણે વર્તે છે તેમ કહી શકાય.

**નામદાર સુપ્રિમ કોર્ટ Ravi kapoor v/s State of Rajsthan AIR 2012 SC 2986** ના ચુકાદામાં ''બેદરકારી'' ની વ્યાખ્યા કરેલી છે, જે ચુકાદાના પેરા-૧૧ માં નીચે મુજબનું અવલોકન કરેલ છે. ***'Negligence'*** *means omission to do something which a reasonable and*

*prudent person guided by the considerations which ordinarily regulate human affairs would do or doing something which a prudent and reasonable person guided by similar considerations would not do. Negligence is not an absolute term but is a relative one; it is rather a comparative term. It is difficult to state with precision any mathematically exact formula by which negligence or lack of it can be infallibly measured in a given case. Whether there exists negligence per se or the course of conduct amounts to negligence will normally depend upon the attending and surrounding facts and circumstances which have to be taken into consideration by the Court. In a given case, even not doing what one was ought to do can constitute negligence.*

વધુમાં નામદાર ઓરિસ્સા વડી અદાલતે **''બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ'' ૧૯૯૭ ક્રિમીનલ લો જનરલ, પેજ નંબર ૩૮૯** માં એમ ઠરાવેલ છે કે, *(A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established - Mere carelessness of error of judgment, not sufficient - Accident resulting in death failure of prosecution to prove rash and negligent driving of accused - Bare statement that vehicle was being driven in high speed, not sufficient - Accused entitled for acquittal.*

વધુમાં તે ચુકાદાના પેરા પ માં એમ ઠરાવેલ છે કે, *Section **279, IPC** deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence*

*under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are :(i)Rash and negligent driving or riding on a public way.(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.*

૯. આ કામે ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં સાહેદ દડુભાઈ લખુભાઈ માંજરીયાને આંક–૧૫ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું પી.વી.સન્સ એન્ડ કંપનીમાં માલ ભરાવવાનું અને ગાડીઓ આવે તેમાં માલની ગણતરી કરવાની કામગીરી કરુ છુ. ગઈ તા. ૨૩/૦૪/૨૦૧૮ ના રોજ હું મારી કંપનીમાં ફરજ પર હાજર હતો તે દરમ્યાન ડ્રાઈવર જાવેદભાઈ અલ્લુભાઈ નારેજા જેના ટ્રક નંબર હાલમાં મને યાદ નથી અને તેનો ફોન આવેલ કે મારી ગાડી સાપુતારા ઘાટમાં વણાંકમા પલ્ટી ખાઈ ગયેલ છે જેથી ગાડીમાં ભરેલો માલ આખો વિખેરાઈ ગયેલ છે જેથી તેમો બીજી ટ્રકની વ્યવસ્થા કરી માલ ભરાવવા આવો જેથી હું બીજી ટ્રક લઈને સાપુતારા ખાતે બનાવવાળી જગ્યાએ ગયેલો અને વેરવિખેર પડેલ માલ ભેગો કરી લઈ આવેલ ટ્રકમાં ભરેલો અને ત્યાથી હું નિકળી ગયેલો. આ બનાવ બાબતે ત.ક.અમલદારે મારુ નિવેદન લીધેલુ. હું આરોપીને ઓળખુ છુ જે આજરોજ કોર્ટમાં હાજર છે તેજ છે.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ કબુલ કરે છે કે, બનાવવાળો રસ્તો જાહેર રસ્તો છે અને તે રસ્તા પર સતત વાહનોની અવર જવર

રહે છે. સાપુતારાથી વઘઈ વાળો રસ્તો એ ઘાટ સેકશન વાળો રસ્તો છે. ઘાટવાળા રસ્તામાં ગાડી ધીમી ચલાવવી પડે છે. બનાવવાળી જગ્યાએ યુ ટર્ન આવેલો છે. બનાવમાં કલીનરને સામાન્ય ઈજાઓ થયેલી હતી. બનાવ કોની ભુલ અને કસુરના કારણે બનેલ તે હું ચોકકસ કહી શકુ નહી. બાકીના સૂચક સવાલોનો સાહેદે ઉલટતપાસમાં ઈન્કાર કરેલ છે.

**૧૦.** આ કામે ફરિયાદ પક્ષે સાહેદ ડૉ. જીનલબેન જીતેન્દ્રભાઈ પટેલને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, ગઈ તા.૨૪/૦૪/૨૦૧૮ ના રોજ તેઓ જનરલ હોસ્પિટલ, આહવા ખાતે મેડીકલ ઓફીસર તરીકે હાજર હતી તે દરમ્યાન બપોરના ૦૩:૩૪ કલાકે જેન્તીભાઈ માલાભાઈ ઠાકોર, ઉ.વ. ૫૦, રહે. ખંભાત, કલોદરા, તા. ખંભાત, જી. આંણદ વાળાને ૧૦૮ દવારા મારી પાસે સારવાર અર્થે લઈ આવેલા. બનાવની હિસ્ટ્રી દર્દીએ જાતે આપેલી હતી. હીસ્ટ્રી મુજબ બપોરના બે વાગ્યે સાપુતારા–માલેગાંવની વચ્ચે અકસ્માત બનેલાની હકીકત જણાવેલી. દર્દીને મે શારીરીક તપાસ કરતા દર્દી સભાન અવસ્થામાં હતુ, બધા વાઈટલ્સ સામાન્ય હતુ, જી.સી.એસ. ૧૫/૧૫ હતુ. મે તેઓને શારીરીક તપાસ કરતા નીચે મુજબની ઈજાઓ જણાયેલી. **ઈજા ન.–૧.** જમણા પગમાં ૧×૦.૫ સે.મી.નું લેસીરેશન વુંડ(ઈજા) જણાયેલ, જેમાંથી બ્લડ નીકળવાનું ચાલુ હતુ. **ઈજા નં.–૨.** ડાબા હાથની રીંગ ફીગરના પાછળના ભાગે ૨×૦.૫ સે.મી. લેસીરેશન વુંડ (ઈજા) જણાયેલ. ઉપરોકત ઈજાઓ પૈકી ઈજા નં.–૧. ડેન્જરશ પ્રકારની ઈજામાં આવે છે, જયારે ઈજા નં.–૨. સાદા પકારની હતી અને બન્ને ઈજાઓ બોથડ પદાર્થથી થઈ શકે છે. દર્દીનો એક્ષરે કરવામાં આવેલ જેમાં જમણા પગના હાડકામાં ટીબીયા અને ફીબ્યુલાના ઉપરના ભાગે ફેકચર જણાયેલ. ડાબા હાથના અંગુઠામાં ડીસ્ટલ ફેલીંગ્સ (હાડકું) માં ફેકચર હતુ. મે તેઓને ઈર્મ્જન્સી વોર્ડમાં દાખલ કરેલા

અને તેઓને બૈઝીક સારવાર આપેલી અને મોંઢાથી કોઈ ખોરાક લેવો નહી ની સલાહ આપેલી. બ્લડના રીપોર્ટ કરાવેલા અને ત્યારબાદ દર્દીને ફેકચર હોવાથી ઉચ્ચ આરોગ્ય કેન્દ્ર આગળની સારવાર માટે રીફર કરેલા. આ ઈજાઓ અકસ્માત થવાથી આવા પ્રકારની ઈજાઓ થઈ શકે. મે તેઓને સારવાર દરમ્યાન ડાબા હાથનો એક્ષરે લેવડાવેલ જે એક્ષરે આજરોજ નામ.કોર્ટમાં રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક–૨૨ આપવામાં આવે છે. ત્યારબાદ મે તેઓને સારવાર દરમ્યાન જમણા પગનો એક્ષરે લેવડાવેલ જે એક્ષરે આજરોજ નામ.કોર્ટમાં રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક–૨૩ આપવામાં આવે છે. તથા આ તમામ કરેલ સારવાર બાબતનું મે મારા હસ્તાક્ષરમાં એક મેડીકલ સર્ટી તૈયાર કરેલ જે મેડીકલ સર્ટી આજરોજ નામ.કોર્ટમાં રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક–૨૪ આપવમાં આવે છે.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ કબુલ કરે છે કે, મને દર્દી દવારા જે અકસ્માતની હિસ્ટ્રી આપવામાં આવેલ તેની વિગત મે મારા સર્ટીમાં જણાવેલ નથી. હું ઓર્થોપેડીક ડીગ્રી ધરાવતી નથી. દર્દીએ હાયર સેન્ટર પર કઈ જગ્યાએ અને શુ સારવાર લીધેલી તે હું જણાવી શકુ નહી. આ પ્રકારની ઈજા બોથડ પદાર્થ કે રસ્તા પર પડી જવાથી થઈ શકે છે. મે જે દર્દીની સારવાર અંગેનું સર્ટી રજુ કરેલ છે તે કાર્બન કોપી છે. બાકીના સુચક સવાલોનો સાહેદે ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે.

**૧૧.** આ કામે ફરિયાદ પક્ષે એ.એસ.આઈ. શંકરભાઈ બન્યાભાઈને આંક–૩૪ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, ગઈ તારીખ–૨૬/૪/૨૦૧૮ ના રોજ તેઓ સાપુતારા પો.સ્ટે. ખાતે પી.એસ.ઓ. તરીકે ફરજ પર હાજર હતા તે દરમિયાન ફરીયાદી–જાહીદભાઈ અલ્લુભાઈ નારેજા ઉ.આ.વ.–૪૨, રહે–ચોટીલા, તા.ચોટીલા, જિ.સુરેન્દ્રનગર નાઓએ મારી રૂબરૂ આવી, ફરીયાદ હકીકત લખાવેલ કે હુ ઉપરોકત નામ ઠેકાણે રહી, ડ્રાઈવીગ કરી, ગુજરાન ચલાવુ

છુ અને મારુ ડ્રાઈવીગ લાયસન્સ નંબર–જીજે–૧૩–૧૯૯૫૦૦૨૪૫૫૩ નો છે. ગઈ તારીખ–૨૩/૪/૨૦૧૮ ના રોજ ટ્રક નંબર–જીજે–૦૩–એ.ટી.–૩૭૮૬ મા મકાઈનુ ભુસુ ભરી, ઉનાથી સાંજના નીકળેલ અને મારી સાથે કલીનર તરીકે જયંતીભાઈ હતા. રસ્તામા રાત્રીના સમયે જમી કરી, આરામ કરવા રોકાયેલા અને તા. ૨૪/૪/૨૦૧૮ ના રોજ નાશીક થી સાપુતારા તરફથી વઘઈ જતો હતો જયારે બપોરના આશરે દોઠેક વાગ્યાના સુમારે સાપુતારા ઘાટમા માલેગાવ ફોરેસ્ટ રેસ્ટ હાઉસના વળાંકમા મારી ગાડી એક સાઈટ થઈ જતા રોડની સાઈડની લોખંડની ચેનલ તોડીને સાઈડમા જંગલના ઝાડ સાથે અથડાઈ, પલટી ખાઈ ગયેલ જેથી ગાડીમા ભરેલ માલને તથા ગાડીમા મારી સાથે બેસેલ કલીનર જયંતીભાઈ મેલાભાઈ સોલંકીનાઓને શરીરે તેમજ જમણા પગે ગંભીર ઈજાઓ થતા હાલી ચાલી શકાતુ ન હતુ અને ગાડીમા ભરેલ માલ અને ગાડી પલટી થવાથી ગાડીના તમામ ભાગ દબાઈને તુટી ગયેલા અને માલ વેર વિખેર થઈ ગયેલ છે. ત્યારબાદ, કોઈએ ૧૦૮ મોબાઈલ વાનને ફોન કરતા મારા કલીનરને પ્રથમ આહવા સરકારી હોસ્પિટલમા લઈ ગયેલા, ત્યાં પ્રાથમિક સારવાર કરી વધુ સારવાર માટે વલસાડ રીફર કરેલ. જયા મારા કલીનરને જમણા પગમા ફેકચર થઈ ગયેલ અને શરીરે મુંઢ ઈજાઓ થયેલ હોવાથી વલસાડ સિવિલ હોસ્પિટલમા દાખલ કરેલ. ત્યાં આ બનાવની જાણ મારા ગાડી માલિક બીબાભાઈ ગમારાભાઈને જાણ કરી, આ બનાવની ફરીયાદ કરવા આવેલ છુ. ફરીયાદીની ઉપરોકત મુજબની ફરીયાદ હકીકત સાપુતારા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં–૧૦/૨૦૧૮ ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ નોધી લઈ, કાયદેસરની તપાસ થવા સારુ પો.સ.ઈ. સાપુતારાને મોકલી આપેલ. અસલ ફરીયાદ મને બતાવવામા આવે છે તેમા રૂબરૂ તરીકેની તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે આ કામે આંક –૩૫ થી રજુ છે.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ કબુલ કરે છે કે, આ કામે ફરીયાદી અને આરોપી બંને એક જ છે. આ કામના ફરીયાદી અકસ્માત બાબતે મને જાણ કરવા આવેલા. આ કામના ફરીયાદીને મને લેખિતમા ફરીયાદ આપેલ હોય તેવુ બનેલ નથી. બાકીના સુચક સવાલોનો સાહેદે ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે.

**૧૨.** આ કામે ફરિયાદ પક્ષે ત.ક.અમલદારશ્રી પી.એચ. મકવાણાને આંક–૩૭ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, ગઈ તા. ૨૬/૦૪/૨૦૧૮ ના રોજ સાપુતારા પો.સ્ટે.મા પો.સ.ઈ. તરીકે તેઓની ફરજમા હાજર હતા, ત્યારે ફરીયાદી–જાહીદભાઈ અલ્લુભાઈ નારેજા રહે–ચોટીલા, જિ. સુરેન્દ્રનગરનાઓએ તેઓના રૂબરૂ આઈ.પી.સી. કલમ–૨૭૯,૩૩૭, ૩૩૮ એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબની ફરીયાદ હકીકત લખાવતા, લખી લીધેલી. જે ગુનાની તપાસમા ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરી, સાહેદના નિવેદનો લેવામા આવેલ. સદર ગુનાના આરોપીને અટક કરવામા આવેલ. આરોપીને જોયે તેઓ ઓળખે છે. જે આજરોજ નામ.કોર્ટમાં હાજર નથી. બચાવ પક્ષે ઓળખ બાબતે તકરાર નથી. બાદમાં, તેઓની બદલી જુન–૨૦૧૮ ના રોજ સાપુતારા પો.સ્ટે. થી એમ.ઓ.બી. આહવા ખાતે થતા તેઓએ આગળની તપાસ પો.સ.ઈ. એસ.આર.પટેલ નાઓને સોપેલ.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ કબુલ કરે છે કે, સાપુતારા–વઘઈ વાળો માર્ગ ઘાટવાળો અને ચઢતી ઉતરતીવાળો રસ્તો છે. આ રસ્તા પર વાહનો તથા પ્રવાસીઓની સતત અવર જવર રહે છે. અકસ્માતવાળી જગ્યા યુ ટર્ન વાળી જગ્યા છે. આ અકસ્માતવાળી જગ્યા પર અવારનવાર અકસ્માતો થતા રહે છે. બાકીના સુચક સવાલોનો સાહેદે ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે.

**૧૩.** આ કામે ફરિયાદપક્ષે આંક–૦૯ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૧૦ થી આરોપીનુ અટક પંચનામુ રજુ થયેલ છે. સદર બંને પંચનામાના પંચ સાહેદ વિનુભાઈ રામજીભાઈ લીંબડીયાને આંક–૦૮ થી તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, પોલીસે તેઓની બે તૈયાર પં ચનામામાં સહી લીધેલી જેમાં પંચ નં. ર તરીકે તેઓએ કરેલી સહી તેઓ ઓળખી બતાવે છે જે આ કામે આંક–૦૯ અને આંક–૦૯ થી રજુ છે. આ પંચ સાહેદ બંને પંચનામાની હકિકતને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોઈ, વિ.એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતી થી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની ભારતીય પુરાવા અધિનિયમ–૧૮૭ર ની કલમ–૧૫૪ મુજબ પરવાનગી આપવા છતાં પણ પંચ સાહેદ પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન આપતાં નથી.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પંચ સાહેદ કબુલ કરે છે કે, અમોએ તૈયાર પંચનામામાં માત્ર સહી કરેલી તે સિવાય કશુ જાણતા નથી.

**૧૪.** ઉપરોકત ચર્ચા કરેલ સાહેદોની જુબાની તથા રેકર્ડ પરના પુરાવા જોતાં આ કામે પ્રોસીકયુશન તરફે પોતાના કેસના સમર્થનમાં ઉપરોકત ચર્ચા કરેલ સાહેદોની જુબાની જોતાં આ કામના આરોપી વિરૂધ્ધ એવો કોઈ સ્પષ્ટ પુરાવો નથી કે જેથી એમ પુરવાર થાય કે બનાવ સમયે આરોપી પોતાના કબજાનુ વાહનને બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કે કોઈની જીંદગી જોખમાય તેવુ ડ્રાઈવીંગ કરી બેદરકારીભરી રીતે ગાડીમાં બેસેલ કલીનર જેન્તીભાઈ માલાભાઈ ઠાકરોને વ્યથા તથા મહાવ્યથાઓ પહોંચાડેલ હોય. આ કામે આંક–૧૫ થી તપાસેલ સાહેદ દડુભાઈ લખુભાઈ માંજરીયાની જુબાની જોતાં તેઓને તેમના ડ્રાઈવરનો ફોન આવેલ કે તેમની ગાડી સાપુતારા ઘાટના વણાંકમાં પલ્ટી ખાઈ ગયેલ છે જેથી તેઓ ત્યાં જઈ જોતાં ટ્રકનો માલ વેરવિખેર પડેલાનુ જણાવે છે અને ઉલટ તપાસમાં બનાવમાં કલીરને સામાન્ય ઈજાઓ થયેલાનુ અને સદર

બનાવ કોની ભુલ અને કસુરના કારણે બનેલ તે તેઓ ચોકકસ કહી ન શકે તેમ સ્વીકારેલ છે. જેથી સદર સાહેદની જુબાની પરથી અકસ્માત વખતે ટ્રકનુ ગફલતભરી રીતે ડ્રાઈવીંગ આ કામનો આરોપી કરતો હતો અને તેની બેદરકારીથી તે ટ્રકના કલીરને વ્યથા તથા મહાવ્યથાઓ પહોંચેલ તે અંગે કોઈ પ્રકાશ પોતાની જુબાનીમાં પુરી પાડતા નથી તથા આ કામે પંચસાહેદ વિનુભાઈને આંક–૦૮ થી તપાસવામાં આવેલા કે જેઓ આંક–૦૯ તથા આંક–૧૦ થી અનુક્રમે ગુનાવાળી જગ્યાના તથા આરોપીના અટક પંચનામાના પંચ છે અને તેઓ ફરીયાદપક્ષની હકિકતને સમર્થન કરતા ન હોય જેથી ફરીયાદ પક્ષે તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલા છે અને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી લેવામાં આવેલી ત્યારે પણ તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઈ વિગત જણાવતા નથી અને પોતાની ઉલટ તપાસમાં તૈયાર પંચનામાઓ ઉપર પોલીસે મારી સહી લીધેલ અને તે સિવાય તેઓ બીજી કોઈ વિગત જાણતા ન હોવાનુ સ્વીકારેલ છે. આ કામે આંક–૨૧ થી તપાસેલ ડોકટર સાહેદ પોતાની જુબાનીમાં આ કામે ઈજા પામનાર જેન્તીભાઈ માલાભાઈ ઠાકોર તેઓની પાસે સારવાર અર્થે આવેલા અને તેઓને જમણા પગમાં ડેન્જર પ્રકારની ઈજાઓ તથા ડાબા હાથની રીંગ ફીગરના પાછળના ભાગે સાદા પ્રકારની ઈજાઓ થયેલાનુ જણાઈ આવતા તેનો એક્ષ–રે લેતા જમણા પગના હાડકામાં તથા ડાબા હાથના અંગુઠામાં ફ્રેકચર થયેલાનુ જણાઈ આવતા વધુ સારવાર માટે ઉચ્ચ આરોગ્ય કેન્દ્રમાં રીફર કરેલા અને ઉલટ તપાસમાં આવી ઈજાઓ બોથડ પદાર્થ કે રસ્તા પર પડી જવાથી થઈ શકે તેમ સ્વીકારેલ છે. જેથી સદર સાહેદની જુબાની પરથી સદર ઈજાઓ આ કામના આરોપીના ગફલતભરી અને બેદરકારી રીતે કરેલ ડ્રાઈવીંગના કારણે થયેલ હોવાની હકિકત સાબિત થતી નથી તથા આ કામે ત.ક.અમલદારશ્રી પી.એચ. મકવાણાની આંક–૩૭ વાળી જુબાની જોવામાં આવે તો તેઓએ સદર ગુનાની તપાસ મળતાં ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરી, સાહેદોના નિવેદનો લઈ આરોપીની અટક કરેલાનુ જણાવે છે. આમ, આ

કામના સાહેદ ત.ક.અમલદારની જુબાનીના આધારે ગુનો કેવી રીતે બનેલો અને કોની બેદરકારીથી બનેલો તે સ્પષ્ટ થતુ નથી અને ફરીયાદપક્ષને સહાયરૂપ નિવડતો નથી. વધુમાં આ કામે આંક–૩૪ થી ફરીયાદ દાખલ કરનાર શંકરભાઈ બન્યાભાઈને તપાસેલ છે તેઓની રૂબરૂ સદર ફરીયાદ નોંધવામાં આવેલ છે જેમાં રૂબરૂ તરીકે તેઓની તથા ફરીયાદીની સહી ઓળખી બતાવે છે તથા ઉલટ તપાસમાં આ કામના ફરીયાદી અને આરોપી એક જ હોવાનુ સ્વીકારેલ છે. આમ, સદર કામે રેકર્ડ ઉપરનો પુરાવો જોવામાં આવે તો એવો કોઈ સ્પષ્ટ પુરાવો જોવા મળતો નથી કે જેથી આરોપી ઘ્વારા સદર ટ્રકનુ ગફલતભરી રીતે અથવા બેદરકારીભરી રીતે હંકારી લાવી અકસ્માત કરી ટ્રકમાં બેસેલ કલીનર જેન્તીભાઈ માલાભાઈ ઠાકોરને વ્યથા તથા મહાવ્યથાઓ પહોંચાડેલ હોય.

**૧૪.૧** આ કામે આંક–૨૨ તથા આંક–૨૩ થી ઈજા પામનાર જેન્તીભાઈ માલાભાઈ ઠાકોરના અનુક્રમે હાથ અને પગના એક્ષ–રે પ્લેટ તથા આંક–૨૪ થી એમ.એલ.સી સર્ટીફિકેટ રજુ થયેલ છે. સદર દસ્તાવેજો વંચાણે લેવામાં આવે તો બનાવવાળી જગ્યાએ અકસ્માત થયેલ છે અને અકસ્માતમાં જેન્તીભાઈ માલાભાઈ ઠાકોરને વ્યથા તથા મહાવ્યથા થયેલાનુ જણાઈ આવે છે. પરંતુ સદર રજૂ થયેલ સાહેદોનો મૌખિક પુરાવો ઘ્યાને લેતા તેઓને આરોપી વિરૂઘ્ધની કોઈ જ હકીકત જણાવેલ નથી. જેથી સદર દસ્તાવેજોને હાલના કામે રજૂ થયેલ મૌખિક પુરાવાઓનું કોઈ સમર્થન મળતુ નથી. જેથી રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા ફરિયાદપક્ષ તર્ફે યોગ્ય રીતે પુરવાર કરવામાં આવેલાનું ફલિત થતું નથી.

**૧૪.૨** આ કામે આંક–૦૯ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ અને આંક–૧૦ થી આરોપીનુ અટક પંચનામુ તથા આંક–૩૫ થી ફરીયાદ રજુ થયેલ છે, જે આરોપી સામેનો

કથિત અપરાધ સાબિત કરવામાં ફરીયાદ પક્ષને કોઈ રીતે સહાયરૂપ નિવડતું હોવાનું જણાઈ આવતું નથી.

વધુમાં આ કામે નામ. સર્વોચ્ચ અદાલત તથા નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદા ધ્યાને લેવા જરૂરી હોઈ જે નીચે મુજબ છે.

**(1)** In the Case of **Bharatsinh Somabhai Baman Versus State Of Gujarat R/Criminal Appeal No. 338 of 2010,** The Hon'ble High Court of Gujarat has held that:

"[7.1] Upon perusal of the complaint and the evidence of the complainant, Nasirkhan Pathan (PW-4) and Investigating Officer Kamabhai Amratbhai, no one has deposed or uttered a whisper about rash and negligent driving of the accused. Merely the complainant has stated in the complaint and deposed that the applicant-accused was driving the S.T. Bus in full speed but the speed of the vehicle would not amount to rashness or negligence. In the offence under Section 304-A or 279 of the IPC, prosecution must have to prove that the accused was driving the vehicle in rash and negligent manner. Admittedly, the prosecution witnesses have not stated anywhere in the evidence that the offending vehicle was driven by the accused in rash and negligent manner. Learned trial Court as well as the learned appellate Court have also relied on the doctrine of res ipsa loquitur but it is needless to say that even in the panchnama of scene of offence, no any detail is stated. The width of the road is 22 feet and is a one way road. Both the vehicles were proceeding in the same direction. It is admitted fact that the defence has not put any effort to prove any

contributory negligence on the part of deceased however, in a criminal trial prosecution has to stand on its own leg, prosecution cannot take advantage of weakness of defence. Both the Courts below have relied on the doctrine of res ipsa loquitur but in absence of any material on the record, no presumption of rashness or negligence could be drawn by invoking the maxim or doctrine of res ipsa loquitur. In the case of ***State of Karnataka vs. Satish*** reported in (1998) 8 SCC 493, the Hon'ble Supreme Court has been pleased to hold that there was no any evidence on record to establish rash and negligent driving of the vehicle on the part of the accused, no presumption can be drawn and it is for the prosecution to prove and establish rashness or negligence on the part of the accused before conviction under Section 304-A or 279 of the IPC."

**(2)** In the Case of **Dalpatbhai Rameshbhai Vasava Versus State Of Gujrat R/Criminal Appeal No. 1360 of 2011**, The Hon'ble High Court of Gujarat has held that:

"**27.** On appreciating the oral evidence of the injured witnesses, it is clearly found that every witness has emphasized on the fact that tempo was being driven at a high speed and due to that driver has lost control over tempo near the place of occurrence.At this juncture, it is worthwhile to refer to the decision of Honourable Apex Court in the case of Mrs.Shakila Khader And Ors. vs Nausheer Cama And Ors. Reported in AIR 1975 SC 1324, 1975(4) SCC 122, wherein it was observed that main criteria for deciding whether

driving which relate to accident was rash and negligent is not only the speed but the width of the road, density of the traffic etc. Further in the case of **State of Karnataka v. Satish (supra)**,the Honourable Supreme Court has held that merelybecause truck was being driven at a "high speed" does not bespeak of either "negligence" or "rashness" by itself. "High Speed" is a relative term and criminality is not to be presumed subject of course to some statutory exceptions. In absence of any material on record, no presumption of "rashness" or "negligence" could be drawn by invoking the maxim "ras ipsa locutar".

**(3)** In the Case of **Dineshkumar Nathuji Versus State Of Gujrat Criminal Revision Application No. 99 of 2002**, The Hon'ble High Court of Gujarat has held that:

"**5.** From the oral evidence of injured witnesses, it transpires that the vehicle allegedly hit them from behind and therefore, they have no occassion to see the speed of the vehicle and the manner of its driving. It is also noticed that no other eye-witness was examined, through according to the prosecution case, many other person also walking towards Dakor, as it was a tradition that many people would go to Dakor temple by walk on the full moon day (the date of accident was a full moon day). Thus, no evidence was adduced as to how the petitioner was rash and negligent in driving the vehicle."

**૧૪.3** ફરીયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, મુજબનું તહોમત મુકેલ છે, જે સાબિત કરવા માટે ફરીયાદ પક્ષે સૌ પ્રથમ તો એ સાબિત

કરવું પડે કે, બનાવ સમયે આરોપીએ તેમના કબજા હવાલાની ટ્રક પુરઝડપે ગફલતભરી રીતે બેફીકરાઈથી હંકારી આવી, ઈજા પામનારને વધતી ઓછી ઈજાઓ કરેલ છે, તેવી કોઈ હકીકત બાબતે કોઈ નકકર હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી. જે તમામ હકીકત અને સંજોગો ઘ્યાને લેતાં આરોપીએ એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪ મુજબનો ગુનો ફરીયાદ પક્ષ સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નિવડેલ છે.

In the case of ***H.Siddiqui (Dead) By Lrs. Versus A.Ramalingam,*** **2011(0) AIJEL-SC 49506,** The Hon'ble Supreme court of India held that:

> 10 "Mere admission of a document in evidence does not amount to its proof. Therefore the documentary evidence is required to be proved in accordance with law".

In the case of ***Narbada Devi Gupta Vs. Birendra Kumar Jaiswal,*** **AIR 2004 SC 175,** The Hon'ble Supreme court of India Held that:

> 16. "The legal position is not in dispute that mere production and marking of a document as exhibit by the court cannot be held to be a due proof of its contents. Its execution has to be proved by admissible evidence, that is, by the "evidence of those persons who can vouch-safe for the truth of the facts in issue". and also, The Hon'ble Supreme court reiterated the same ratio in the case of ***Alamelu vs. State represented by Inspector of Police***, **2011(2) SCC 385: AIR 2011 SC 715.**"

આ કેસના ઉપરોકત સંજોગો અનુસંધાને ઘ્યાને લેવામાં આવે તો પણ સદરહુ બનાવમાં આ કામના આરોપી સંડોવાયેલ હોય તેવી કોઈ હકિકત સદર દસ્તાવેજો ઉપરથી પણ રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૫.** આમ, આ કામે હાલના સાહેદોનો પુરાવો ઘ્યાને લેવામાં આવે તો આ કામના આરોપીએ ગઈ તા. ૨૪–૪–૨૦૧૮ ના કલાક ૧૩:૦૦ વાગ્યે પોતાના હવાલાની ટ્રક ગાડી નં. GJ-03-AT-3786 ની સાપુતારા થી માલેગામ તરફ જતા રોડ ઉપર માલેગામ પાસે આવેલ ફોરેસ્ટ રેસ્ટ હાઉસના વળાંકમાં પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી ગાડીને રોડની સાઈડમાં લોખંડની ચેનલ તેમજ સાઈડના ઝાડ સાથે અથડાવી દઈ ગાડીને પલ્ટી ખવડાવી ગાડીમાં બેસેલ કલીનરને શરીરે ઈજાઓ કરી તેમજ જમણા પગે ફ્રેકચર કરી ગુનો કરેલ હોય તેવુ શંકાથી પર સાબિત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ, જેથી આ કામના આરોપીની આક્ષેપિત ગુનામાં સંડોવણી હોવાનુ માની શકાય નહીં. ફરીયાદપક્ષ પોતાનો કેસ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ તથા ક્રિમીનો જયુરીસ્પ્રુન્ડસના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ. આમ, ઉપરોકત હકિકત અને ચર્ચાને ઘ્યાને લઈ મુદ્દા નં. ૧ નો જવાબ '**નકાર**' માં આપવામાં આવે છે અને મુદ્દા નં . ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

**૧.** આ કામના આરોપી જાહીદભાઈ અલ્લુભાઈ નારેજા રહે. ચોટીલા બસ સ્ટેશનની પાછળ, તા. ચોટીલા, જી. સુરેન્દ્રનગરનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ઈ.પી. કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબ મુજબ શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી

નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમયગાળા માટે રૂા. ૧૫,૦૦૦/–(અંકે રૂપીયા પંદર હજાર) પુરાના જામીન અને જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>ચુકાદો</u> :–** આજ રોજ તા. **૦૯ મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૦૯.૦૩.૨૦૨૬
આહવા.

**(યાદવેન્દ્ર પ્રણવીરસિંહ યાદવ)**
જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ, આહવા.
(UI Code: GJ01729)

(એસ.આઈ.મનસુરી. પી.એ.)

નામદાર સર્વોચ્ચ અદાલતના MANOJBHAI JETHABHAI PARMAR (ROHIT) VERSUS STATE OF GUJARAT CRIMINAL APPEAL NO(S). 2973 of 2023 ચુકાદામાં નિર્દેશિત ટેબ્યુલેટેડ ચાર્ટસ નીચે મુજબ છે :

**<u>Witnesses Examined</u>**

**(A.) Prosecution Witness**

| Prosecution Witness No. | Name of Witness | Description |
|---|---|---|
| ૧ | વિનુભાઈ રામજીભાઈ લિંબડીયાની જુબાની | પંચ સાહેદ |
| ૨ | દડુભાઈ લખુભાઈ માજરીયાની જુબાની | સાહેદ |
| ૩ | ર્ડા. જીનલબેન જીતેન્દ્રભાઈ પટેલની જુબાની | તબીબી સાહેદ |
| ૪ | શંકરભાઈ બન્યાભાઈની જુબાની | પી.એસ.ઓ. |
| ૫ | પી.એચ. મકવાણાની જુબાની | તપાસ અધિકારી |

**(B.) Defence Witness : Nil**

**(C.) Court Witness : Nil**

## Exhibited Documents

### (A.) Prosectution Exhibit

| Exhibit No. | Description of the Exhibit | Proved by/Attested by |
|---|---|---|
| ૦૯ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ (અસલ) | PW - 1 |
| ૧૦ | અટક પંચનામુ (અસલ) | PW - 1 |
| ૨૨ | જેન્તીભાઈ ઠાકોરના હાથનો એક્ષ-રે | PW - 3 |
| ૨૩ | જેન્તીભાઈ ઠાકોરના પગનો એક્ષ-રે | PW - 3 |
| ૨૪ | જેન્તીભાઈ ઠાકોર નુ એમ.એલ.સી. સર્ટીફિકેટ | PW - 3 |
| ૩૫ | ફરીયાદ | PW - 4 |

### (B.) Defence Exhibit : Nil

### (C.) Court Exhibit : Nil

## Material Object/Muddamals

| Exhibit No. | Description of the Exhibit | Proved by/Attested by |
|---|---|---|
| **Nil** | – | – |

તારીખ:- ૦૯.૦૩.૨૦૨૬
આહવા.

**(યાદવેન્દ્ર પ્રણવીરસિંહ યાદવ)**
જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ,
આહવા.
(UI Code: GJ01729)